# દર્દીઓનો ગોપનીયતા અધિકાર - તમને અમારું વચન

આ નોટિસ તમને તમારી તબીબી માહિતીનો ઉપયોગ કેવી રીતે થઇ શકે છે અને તે જાહેર કેવી રીતે થઈ શકે છે અને તમે કેવી રીતે આ માહિતીની ઍક્સેસ મેળવી શકો તેના વિશે કહે છે. કૃપા કરીને આ સૂચનાની કાળજીપૂર્વક સમીક્ષા કરો. તે આ પ્રોગ્રામને સપોર્ટ કરતા તમામ સ્ટાફને લાગુ પડે છે.

## *દર્દીની ગોપનીયતા પ્રતિજ્ઞા*

દર્દીની ગોપનીયતા એ પ્રાથમિકતા છે. અમે સમજીએ છીએ કે તમારી આરોગ્ય માહિતી એ વ્યક્તિગત છે, અને અમે તેને સુરક્ષિત રાખવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે તમામ આરોગ્ય માહિતીની ગોપનીયતા જાળવી રાખવા માટે કડક સંઘીય (HIPAA) અને રાજ્યની માર્ગદર્શિકાઓનું પાલન કરીશું અને આ સૂચનાની શરતોનું પાલન કરીશું.

અમારી જવાબદારીઓ:

- એ વાતનું ધ્યાન રાખવું કે તમારી ઓળખને લગતી આરોગ્ય માહિતીને ગુપ્ત રાખવામાં આવે છે.
- આરોગ્ય માહિતીના સંદર્ભમાં અમારી કાનૂની ફરજો અને ગોપનીયતા પદ્ધતિઓની સૂચના પૂરી પાડવી.
- વર્તમાન ગોપનીયતા પદ્ધતિઓમાં કરવામાં આવેલા કોઈપણ ફેરફારો વિશે જાણ કરવી.

તમારા અધિકારો:

- વિનંતી કરી શકો કે અમે તમારી આરોગ્ય માહિતીના ઉપયોગ અથવા જાહેર કરવાની રીત પર પ્રતિબંધિત લગાવીએ.
- તમારી સાથે વાત કરવા તથા સંબોધિત કરવા માટે ચોક્કસ ટેલિફોન નંબરના ઉપયોગની વિનંતી કરી શકો છો.
- તમારી આરોગ્ય માહિતીનું નિરીક્ષણ કરી શકો છો અને નકલ મેળવી શકો છો. (ફી લાગુ થઈ શકે છે)
- તમારી આરોગ્ય માહિતીને કેવી રીતે જાહેર કરવામાં આવી હતી તેનો હિસાબ મેળવી શકો છો.
- આ નોટિસની પેપર અથવા ઇલેક્ટ્રોનિક નકલ મેળવી શકો છો.

## *આરોગ્ય માહિતીનો ઉપયોગ અને જાહેરાત*

જ્યારે તમે અમારા કાર્યક્રમની મુલાકાત લો છો, ત્યારે તમારી આરોગ્ય માહિતીનો નીચે મુજબ ઉપયોગ થઈ શકે છે:

- દસ્તાવેજીકૃત સારવાર સેવાઓને તમારી મૌખિક સ્વાસ્થ્ય જરૂરિયાતોને પૂરી કરવામાં શામેલ અન્ય આરોગ્ય સેવા પ્રદાતાઓ સાથે શેર કરવામાં આવી શકે છે.
- તમારી મૌખિક આરોગ્ય સેવાની જરૂરિયાતોને પૂરી કરવામાં સામેલ પરિવારના સભ્યો સાથે વાતચીત કરવા માટે
- અમારા અટકાયત કાર્યક્રમની સામાન્ય વ્યવસાયિક પદ્ધતિઓ અને સંચાલન કરવા માટે.
- પેમેન્ટ પ્રાપ્ત કરવા માટે તૃતીય પક્ષોને આપવામાં આવેલ સેવાઓની બિલિંગ માહિતી પૂરી પાડવા માટે.
- ટેલિફોન અથવા ઇમેઇલ દ્વારા એપોઇન્ટમેન્ટ યાદ અપાવવા માટે સંપર્ક કરવા માટે.

એવું ખૂબ જ ઓછું થાય છે કે જ્યારે કાર્યક્રમને તમારી સહી થયેલ પરવાનગી વિના પણ આરોગ્ય માહિતી જાહેર કરવાની મંજૂરી આપવામાં આવે છે અથવા જરૂરિયાત હોય છે. આ પરિસ્થિતિઓમાં નીચે પ્રમાણેનો સમાવેશ થઈ શકે છે પરંતુ તે પૂરતું મર્યાદિત નથી:

- જાહેર આરોગ્ય પ્રવૃત્તિઓ જેમ કે બીમારીની જાણ અથવા મેડિકલ ડેટા માટે.
- દુર્વ્યવહાર અથવા ઉપેક્ષાના શિકાર લોકોને સુરક્ષિત રાખવા માટે.
- સંઘીય અથવા રાજ્યની આરોગ્ય દેખરેખ પ્રવૃત્તિઓ જેમ કે છેતરપિંડીની તપાસ માટે, જ્યારે સંઘીય, રાજ્ય, અથવા સ્થાનિક કાયદા દ્વારા આમ કરવું જરૂરી હોય.
- અગાઉ દર્શાવવામાં આવેલ ન હોય તેવા અન્ય ઉપયોગો અને પ્રકટીકરણ ફક્ત તમારી સહી પ્રાપ્ત થયા બાદ જ થઈ શકે છે, તમે કોઈપણ સમયે લેખિતમાં તમારી અધિકૃતતાને રદ કરી શકો છો.

## *ફરિયાદ નોંધાવી*

જો તમને લાગતું હોય કે તમારા ગોપનીયતા અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે, તો તમે અમારી પાસે અથવા આરોગ્ય અને માનવ સેવા સચિવ પાસે ફરિયાદ નોંધાવી શકો છો. અમે તમને પ્રોત્સાહિત કરીએ છીએ કે તમે તમારી માહિતીની ગોપનીયતાને લગતી કોઈપણ ચિંતાઓ વ્યક્ત કરી શકો છો. અમને તમારી ચિંતાઓ અથવા તો ફરિયાદોની લેખિતમાં જાણ કરવા માટે વિનંતી. ફરિયાદ નોંધાવવા બદલ તમારી સામે કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં.

U.S. Dept. of Health & Human Services
JFK Federal Building 1875
Boston, MA 02203

ફોન: (617) 565-1340 અથવા બહેરાઓ માટે દૂરસંચાર ઉપકરણ (TDD) (617) 565-1348

## *અમારો સંપર્ક કેવી રીતે કરવો*

જો તમને કોઈ પ્રશ્નો હોય અથવા આ નોટિસ વિશેની વધુ માહિતી જોઈતી હોય, તો કૃપા કરીને સંપર્ક કરો:

Elizabeth Chouinard, રજીસ્ટર્ડ દંત આરોગ્ય ચિકિત્સક (RDH), નો 774-930-2052, પર, અથવા Carol Gilmore, RDH, નો 508-326-1864 પર.